# પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ નિયામકની કચેરી

## ગુજરાત રાજ્ય, "વીમા અને લેખા ભવન",

ડૉ.જીવરાજ મહેતા ભવન, બ્લોક નં.૧૮, સેક્ટર–૧૦/બી, ગાંધીનગર–૩૮૨ ૦૧૦.

ઓફિસ (૦૭૯) ૨૩૨ ૫૯૫૧૬ (હિ.અધિ.)
ઓફિસ (૦૭૯) ૨૩૨ ૫૯૫૩૧ (અધિક્ષક)
ઓફિસ (૦૭૯) ૨૩૨ ૫૩૯૧૩(અધિક્ષક)
ઓફિસ (૦૭૯) ૨૩૨ ૫૯૫૦૧. (ના.નિ.)
ફેક્સ નં. (૦૭૯) ૨૩૨ ૫૩૯૦૯.


ક્રમાંક : ડી.પી.પી./ન.વ.પે.યો./ /૨૦૧૭ તા. 6/-/12

પ્રતિ,

-----------------------------

-----------------------------

-----------------------------

-----------------------------

**ખૂબજ અગત્યનું**

વિષય :- નવી વર્ધિત પેન્શન યોજનાના ખાતેદાર કર્મચારી/અધિકારીશ્રી ની વિગતો અદ્યતન કરવા તેમજ ખાતા સંબંધિત વિગતોની જાણકારી મેળવવા બાબત.

મહોદય,

ઉપર્યુક્ત વિષય અંગે સવિનય જણાવવાનું કે નવી વર્ધિત પેન્શન યોજનાના ખાતેદાર કર્મચારીઓ/અધિકારીશ્રીઓની નીચેની વિગતો NSDL (National Securities Depository Limited) ના રેકર્ડમાં ઉપલબ્ધ કરાવવા તેમજ અદ્યતન કરવા તેમના તરફથી અવાર નવાર ધ્યાન દોરવામાં આવે છે.

આ વિગતો ન હોવાના કારણે NSDL દ્વારા ખાતેદારને ઘણી અગત્યની વિગતો ઉપલબ્ધ કરાવી શકાતી નથી તેમજ ખાતેદાર દ્વારા પણ કેટલીક બાબતો માટે ફરિયાદ કરવામાં આવે છે.

➢ <u>જુદી જુદી વિગતો અદ્યતન કરવા નીચે મુજબની કાર્યવાહી કરવાની થાય છે.</u>

| અ. નં. | સુધારવાની વિગત | ક્યાંથી સુધારી શકાશે |
|---|---|---|
| ૧ | મોબાઈલ નંબર | NSDL ની NPS મોબાઈલ એપ અથવા NSDL ની વેબસાઈટ |
| ૨ | ટેલિફોન નંબર | ઉપર મુજબ |
| 3 | ઇ-મેઈલ આઈ.ડી. | ઉપર મુજબ |
| ૪ | I- PIN(પાસવર્ડ) રીસેટ કરવો | ઉપર મુજબ |
| ૫ | સરનામાંની વિગતો | S2 ફોર્મ ભરી ઉપાડ અને ચુકવણી અધિકારી મારફત ડી.ટી.ઓ. (હાલ ડી.પી.પી.એફ. કચેરી, ગાંધીનગર) ને મોકલવું |
| ૬ | નોમિની ની વિગતો | ઉપર મુજબ |
| ૭ | બેંકની વિગતો | ઉપર મુજબ |

➢ <u>ખાતા સંબંધિત જુદી જુદી વિગતોની જાણકારી નીચે મુજબ મેળવી શકાશે.</u>

| અ. નં. | જાણવાની વિગત | ક્યાંથી જાણી શકાશે |
|---|---|---|
| ૧ | ખાતેદારના ખાતાંના ભંડોળ (Holding) ની અદ્યતન વિગતો | NSDLની NPS મોબાઈલ એપ અથવા NSDLની વેબસાઈટ |
| ૨ | નોંધાયેલ ઈ-મેઈલ આઈ.ડી. પર ટ્રાન્ઝેક્શન સ્ટેટમેન્ટની વિગતો મેળવવા | ઉપર મુજબ |
| 3 | છેલ્લા પાંચ ફાળાની વિગતો જોવી | ઉપર મુજબ |
| ૪ | NPS સંબંધિત સુચનાઓની જાણકારી મેળવવી | ઉપર મુજબ |
| ૫ | e-PRAN ની પ્રિન્ટ મેળવવા | NSDL ની વેબસાઈટ |

➢ **NSDL વેબસાઈટનો ઉપયોગ**

(અ). વિગતો અદ્યતન કરવા:-

૧. સૌપ્રથમ કોઈપણ વેબ બ્રાઉઝરમાં NSDL ની વેબસાઈટ www.cra-nsdl.com ઓપન કરવી.

૨. ત્યારબાદ ડાબી બાજુ પર SUBSCRIBERS LOG IN માં USER ID માં ખાતેદારનો PRAN નંબર તથા PASSWORD માં I-PIN (પાસવર્ડ) આપી SUBMIT પર ક્લિક કરવું.

૩. વિગત સુધારવા માટે Update Details ઓપ્શન પર ક્લિક કરતાં, જે વિગત સુધારવી હોય તે Edit (સુધારી) Submit કરી Confirm આપવું.

૪. ઉપર મુજબનાં સુધારા થયાની ખાતરી ખાતેદારની અંગત વિગતો (Account Details)માં જોઈ ચકાસી લેવી.

(બ). ખાતેદાર સંબંધિત વિગતો જાણવા /મેળવવા માટે:-

૧. સૌપ્રથમ કોઈપણ વેબ બ્રાઉઝરમાં NSDL ની વેબસાઈટ www.cra-nsdl.com ઓપન કરવી.

૨. ત્યારબાદ ડાબી બાજુ પર SUBSCRIBER LOG IN માં USER ID માં ખાતેદારનો PRAN નંબર તથા PASSWORD માં I-PIN (પાસવર્ડ) આપી SUBMIT પર ક્લિક કરવું.

૩. સબમિટ આપ્યા બાદ ખાતેદારની અંગત વિગતો (જેવી કે નામ, સરનામુ, મોબાઇલ નંબર, ઇ-મેઇલ આઈ.ડી., નોમિનીની વિગતો, બેંકની વિગતો વગેરે), કપાતની વિગતો, ભંડોળની વિગતો વગેરે જોઈ શકાશે/ ચકાસણી કરી શકાશે.

૪. જો કપાતની વિગતોની પ્રિન્ટ લેવી હોય તો Transaction Statement ના ઓપ્શન પર ક્લિક કરી, વર્ષ સિલેક્ટ કરી જનરેટ કરી પ્રિન્ટ ઓપ્શન સિલેક્ટ કરવુ.

૫. જો e-PRAN ની પ્રિન્ટ લેવી હોય તો view ઓપ્શન માં e-PRAN ઓપ્શન સિલેક્ટ કરીને પ્રિન્ટ ઓપ્શન પર ક્લિક કરવું.

(ક). સુચનાઓ/જરૂરી ફોર્મ મેળવવા માટે:-

૧. સૌપ્રથમ કોઈપણ વેબ બ્રાઉઝરમાં NSDL ની વેબસાઈટ www.npscra.nsdl.co.in ઓપન કરવી.

૨. NSDL દ્વારા બહાર પાડેલ નવી સુચનાઓ માટે "NEWS & EVENTS" પર ક્લિક કરવું.

૩. કોઇ પણ પ્રકારના ફોર્મ મેળવવા માટે "Home" ઓપ્શન માં "State Government" સિલેક્ટ કર્યા બાદ "Forms" નામનું ઓપ્શન સિલેક્ટ કરવું. જરૂરી ફોર્મને સિલેક્ટ કરી તેની પ્રિન્ટ મેળવી લેવી.

➢ **NSDL ની NPS મોબાઈલ એપનો ઉપયોગ**

૧. સૌપ્રથમ ખાતેદારે એન્ડ્રોઈડ મોબાઈલમાં કોઈપણ વેબ બ્રાઉઝરમાં NSDL ની વેબસાઈટ www.npscra.nsdl.co.in પર અથવા Google Play Store માં જઈ NPS નામની મોબાઈલ એપ ડાઉનલોડ કરવી.

૨. ડાઉનલોડ કરેલ મોબાઇલ એપ માં લોગ ઇન થતા તેમાં ઉપલબ્ધ જુદા જુદા મેનુ ના ઓપ્શન દેખાશે.

૩. તેમાંથી જે વિગત સુધારવી હોય કે જે વિગત જાણવી હોય તેનું ઓપ્શન સિલેક્ટ કરી એપ માં આપવામાં આવતી સુચનાઓ મુજબ આગળની કાર્યવાહી કરવી.

નોંધ :- ઉપર મુજબની વિગતો અને માહિતી ખાતેદારોની સમજુતી માટે ગુજરાતીમાં તૈયાર કરેલ છે. તેમાં કોઇ પણ પ્રકારની તકનિકી સમસ્યા માટે અત્રેની કચેરીનો સંપર્ક ના કરતા NSDL ની વેબસાઈટ પર ઉપલબ્ધ ઇ-મેઈલ આઈ.ડી., કે ટેલિફોન નંબર દ્વારા NSDLનાં સંબંધિતોનો સંપર્ક કરવો.

આથી આપની કચેરીના તેમજ આપના તાબાની કચેરીઓના નવ વર્ધિત પેન્શન યોજનાના ખાતેદારોની તમામ વિગતો ઉપલબ્ધ કરાવવા/અદ્યતન કરવા જરૂરી કાર્યવાહી કરવા વિનંતી.

આપનો વિશ્વાસુ,

નાયબ નિયામક